જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૪/૨૦૧૮ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૫૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૩૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯,૩૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૫૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૭૫૮/૧૮**

**વસ્ત્રાપુર :** સ્મૃતીબહેન ડો/ઓ રાજેશ ચડ્ડા (ઉ.વ.૨૭)(રહે,ગોયલ ઇન્ટરસીટી, ટીવી ટાવરની સામે ડ્રાઇવ ઇન રોડ થલતેજ) એ તા.૧૮/૪/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૨/૨૦૧૮ થી તા.૧૬/૦૪/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ટ્રીપોટ્રેઝર એ યુનીટ ઓફ શાયગો સર્વિસ પ્રા.લી.કંપનીના માલીક પ્રકાશ ઝા (રહે,મયુર એંક્લેવ ન્યુ કંડોલી દીલ્હી) એ સ્મૃતીબહેન ને અગાઉ ઘણી બધી ટીકિટનુ કંન્ફર્મેશન આપી, તેઓને વિશ્વાસમાં લઈ, તેમની ડલાસ(યુ.એસ) થી દીલ્હી તથા દીલ્હી થી ડલાસ(યુ.એસ) ની એર ટીકિટ પેટે કુલ રૂપિયા ૨,૧૭,૫૦૦/- મેળવી લઈ યાત્રા.કોમ ને પૈસા જમા નહી કરાવી તેમજ દીલ્હી થી ગોવા થી દીલ્હી ની સાત એર ટીકિટ પેટે કુલ રૂપિયા ૩૫,૭૦૦/- મેળવી લઈ, ટીકિટ કન્ફર્મ કરાવેલ નહી અને ફોન તેમજ ઈમેલ બંધ કરી દઇ, સ્મૃતીબહેન ની બંનેએર ટીકીટો ના કુલ રૂપિયા ૨,૫૩,૨૦૦/- મેળવી લઈ, સ્મૃતીબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૭૫૯/૧૮**

**વાડજ :** નારાયણભાઈ લાલચંદ મંગનાની(રહે,ફ્લેટ નંબર-૧, વનીતા એપાર્ટમેન્ટ ચાંપાનેર સોસાયટી ની બાજુમાં ઉસ્માનપુરા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૪/૧૮ ના કલાક ૫/૩૦ થી તા.૧૮/૦૪/૨૦૧૮ ના કલાક ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદી અને ડાયમંડ ના દાગીના તેમજ ચાંદી ના સિક્કા મળી કુલ કિંમત રૂપિયા ૧,૨૦,૫૦૦/- તથા કેમેરા લેપટોપ કિંમત રૂપિયા ૭,૦૦૦/- અને રોકડ રૂપીયા ૭૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૯,૫૦૦/- મતા ની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૬૦/૧૮**

**ગોમતીપુર :** જલ્પાબહેન વા/ઓ અશોકભાઈ ચાવડા (ઉ.વ.૩૨)(રહે,શેઠ કોઠાવાળા વોરાની ચાલી તુલસીપાર્ક ચોકી સામે) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૭/૦૪/૧૮ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.મેકવાન ચલાવે છે.

**ઇસનપુર :** ધ્રુવ સ/ઓ હેમંતકુમાર પટેલ (ઉ.વ.૨૨)(રહે,ઈશ્વરનગર સોસાયટી હિરાભાઈ ટાવર પાસે ઇસનપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૮/૦૪/૧૮ સાંજના ૪/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.